દિલ્હી સાહિત્ય અકાદમી અને રૂપાયતન જૂનાગઢનાં સંયુકત ઉપક્રમે સંત સાહિત્ય ઉત્સવ

# નરસિંહ મહેતાની રચનાઓમાં કૃષ્ણભકિત જ્ઞાન મિમાંસા અને અધ્યાત્મ નિરૂપાયું તે વૈશ્વિક છે

જૂનાગઢ, તા.૩૧

જૂનાગઢનાં ભવનાથ તળેટી સ્થિત રૂપાયતન ખાતે આજથી બે દિવસીય સંત સાહિત્ય ઉત્સવનો પ્રારંભ થયો છે. જેમાં દેશભરમાંથી જુદી-જુદી ભાષાનાં તજજ્ઞો અને ગુજરાતી ભાષાનાં અધ્યાપકો અને પીએચડી કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આજે પ્રથમ દિવસે સાહિત્યકારોએ નરસિંહ મહેતાની રચનાઓ અને કવિતાઓ વિષે વકતવ્ય આપ્યું હતું. જેમાં નરસિંહ મહેતાનાં સાહિત્યમાં કૃષ્ણભકિત, જ્ઞાન મિમાંશા તેમજ અધ્યાત્મક નિરૂપાયું છે તે વૈશ્વિક કક્ષાનું છે.

સાહિત્ય અકાદમી અને રૂપાયતન જૂનાગઢ દ્વારા તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૨ અને ૧ જાન્યુઆરી ૨૦૨૩ એમ બે દિવસ સુધી રૂપાયતન સંસ્થા ખાતે સંત સાહિત્ય ઉત્સવ-નરસિંહ મહેતા પર પરિસંવાદનનું આયોજન થયું છે. આ ઉત્સવમાં દેશભરમાંથી જુદી-જુદી ભાષાનાં વિધ્વાનો ગુજરાત અને સૌરાષ્ટ્રનાં ગુજરાતી ભાષાનાં અધ્યાપકો તેમજ પીએચડી કરી રહેલા ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ તકે રૂપાયતન ટ્રસ્ટનાં મેનેજીં ટ્રસ્ટી હેમંત નાણાવટીએ તમામ ઉપસ્થિત વિધ્વાનોને આવકાર્યા હતા. આ ઉત્સવનો હેતુ ભકત કવિ નરસિંહ મહેતા કોણ હતા ? તેમનું સાહિત્ય ક્ષેત્રે શું પ્રદાન હતું ? અને તેમનું ભકિત સાહિત્ય શું હતું ? એ વિષે સમગ્ર ભારતવાસી પરિચીત બને એ છે. આજે આ ઉત્સવનો પ્રારંભ થયો છે અને જેમાં ગુજરાતી પરામર્શ મંડળ સાહિત્ય અકાદમીનાં સંયોજક વિનોદ જોષીએ પોતાના વકતવ્યમાં કહ્યું હતું કે, નરસિંહ મહેતાનાં સાહિત્યમાં કૃષ્ણભકિત, જ્ઞાન મિમાંશા તેમજ અધ્યાત્મ નિરૂપાયું છે તે વૈશ્વિક કક્ષાનું છે. સાહિત્ય અકાદમી મુંબઈનાં પ્રભારી ઓમ પ્રકાશ નાગર, સુપ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર બળવંત જાની, પશ્ચિમ ક્ષેત્ર પરામર્શ મંડળનાં સંયોજક નામદેવ તારા ચંદાણી સહિતનાં વિધ્વાનો ઉપસ્થિત રહ્યા છે. પ્રથમ સત્રમાં સુપ્રસિધ્ધ ગુજરાતી સાહિત્યકાર નાથાભાઈ ગોહિલનાં અધ્યક્ષ સ્થાને પશ્ચિમ ભારતીય ભકિત પરંપરા પર મનોજ રાવલ અને નરસિંહ મહેતાની આત્મકથનાત્મક રચનાઓ રમેશ મહેતાએ રજુ કરી હતી. જયારે દ્વિતીય સત્રમાં સાહિત્યકાર રાજેશ મકવાણાનાં અધ્યક્ષ સ્થાને આશા ગોહિલે નરસિંહ મહેતાની કૃષ્ણભકિતની કવિતા અને નિરંજન રાજયગુરૂએ નરસિંહ મહેતાની જ્ઞાનમાર્ગી કવિતાઓ રજુ કરી હતી. જયારે આવતીકાલે તા.૧નાં તૃતિય સત્રમાં કોંકણી પરામર્શ મંડળનાં સંયોજક ભૂષણ ભાવેના અધ્યક્ષ સ્થાને નરસિંહ મહેતા અને પશ્ચિમ ભારતીય મધ્યકાલીન સંત સાહિત્ય વિષે માહિતી અપાશે. સિંધી ભકત કવિ સામી અને નરસિંહ મહેતા વિષે સુરેશ બબલાણી અને ભકત કવિ તુકારામની કવિતા અને નરસિંહ મહેતા વિષે તાહેર પઠાણ વકતવ્ય આપશે. જયારે ચતુર્થ સત્રમાં સિંધી ભાષાની ભકિત કાવ્ય પરંપરા અને નરસિંહ મહેતા વિષે સાહિત્યકાર કલાધર મુતવા અને કૃષ્ણદાસ શામા, નરસિંહ મહેતા અને અન્ય સંત કવિઓ વિષે પુર્ણાનંદ ચ્યારી વકતવ્ય આપશે. જયારે સમાપન સત્ર અધ્યક્ષ નામદેવ તારા ચંદાણીનાં અધ્યક્ષ સ્થાને થશે અને સુપ્રસિધ્ધ મરાઠી સાહિત્યકાર સતીષ બડવે સમાપન વકતવ્ય અને આભારવિધી કરશે. આ પ્રસંગે સાહિત્ય અકાદમીનાં પ્રકાશનોનું પ્રદર્શન અને વેંચાણ પણ થશે.



સાહિત્ય અકાદમી અને રૂપાયતનનાં ઉપક્રમે સાહિત્ય ઉત્સવમાં પ્રવચનો થયા હતા.